INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૮-૦૧-૨૦૨૬**

વાસણા વિસ્તારમાં કોર્પોરેશન દ્વારા ઊભી કરાયેલ જાહેર લાયબ્રેરી ખાનગી ટ્રસ્ટને સોંપાયા બાદ નિયમિત અભ્યાસકર્તા યુવાન-યુવતીઓ માટે નવીનીકરણના નામે દરવાજા બંધ કરાતા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા સામાન્ય-મધ્યમવર્ગના યુવાન-યુવતીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યાં હતાં.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મંત્રીશ્રી નિલેશ પટેલ (વાસણા) અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી સમક્ષ સરકારી નોકરી અંગેની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાન-યુવતીઓએ સંપૂર્ણ વિગતો સાથે રજુઆત કરી હતી. જે અંગે લાયબ્રેરીના સંચાલકો સમક્ષ યુવક-યુવતીઓને સાથે રાખીને વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી મેહુલભાઈ ગાંધી એ મોટી સંખ્યામાં યુવાન-યુવતીઓ સમક્ષ ખાત્રી આપી હતી કે હાલમાં લાયબ્રેરીના સ્થળ પર જ વૈકલ્પીક મોટા શૈક્ષણિક ખંડમાં વ્યવસ્થા આપવામાં આવશે અને પીવાનું પાણી-ટોયલેટ સહિતની મુળભૂત સુવિધા માટે વ્યવસ્થા કરાશે તેવી બાંહેધરી ટ્રસ્ટ તરફથી અપાઈ હતી. એ.આઈ.સી.સી.ના મંત્રીશ્રી નિલેશભાઈ પટેલ (વાસણા) એ કોર્પોરેશનના અધિકારીઓને પણ સ્પષ્ટ પણે જણાવ્યું છે કે, લાયબ્રેરી એ જાહેર વ્યવસ્થા છે તેની વ્યવસ્થા છીનવાઈ તે વ્યાજબી નથી.

અમદાવાદના વાસણા વિસ્તાર માં આવેલ ગચ્છાધારી આચાર્યશ્રી સુબોધ સાગર મહારાજ સાહેબ લાઈબ્રેરીમાં આજરોજ અચાનક સવારે શટર પાડી દેવામાં આવ્યા હતા ને વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું હતું કે "અહીંયા રીનોવેશનનું કામ શરૂ કરવાનું હોવાથી થોડા સમય માટે બહાર બેસવું પડશે" જો બહારની જગ્યામાં વાત કરવામાં આવે તો અહીંયા ખુલ્લામાં એ લોકો દ્વારા ડોમ બનાવવામાં આવ્યો છે જે ડોમ પરમેનેન્ટ લોખંડનો બનાવવામાં આવ્યો છે અને ત્યાં કોઈપણ જાતની સુવિધા કરવામાં આવી નથી અહીંયા વિદ્યાર્થીઓને ખુલ્લામાં બેસીને વાંચવું પડે અને મચ્છરોનો ત્રાસ પણ એટલો બધો અને મૂળભૂત સુવિધા તે શૌચાલય - બાથરૂમની જે વ્યવસ્થા અહીંયા વાંચનાલયમાં આવતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પૂરતી થતી નથી તો વિદ્યાર્થીઓ આજે સવારે વિરોધ કર્યો હતો કે "ખાનગી ટ્રસ્ટ" દ્વારા જાણ કર્યા સિવાય આટલું મોટું પગલું લીધું તો હવે અમારે ભણવા માટે ક્યાં જવાનું અને વાંચવા માટે અલગ અલગ ફેકલ્ટીના બધા વિદ્યાર્થીઓ અહીં આવતા હોય છે અને જરૂરી નથી કે એ લોકો અમદાવાદના જ હોય છે ઘણા વિદ્યાર્થીઓ અહીંયા દુરથી વાંચવા માટે આવતા હોય છે પરંતુ હવે મોટો પ્રશ્ન એ લોકો જાય ક્યાં ? અને જો બિલ્ડીંગની વાતચીત કરવામાં આવે તો બિલ્ડિંગનું નિર્માણ કાર્ય હમણાં જ કરવામાં આવ્યું છે ત્યાં સત્તાધીશો દ્વારા કહેવામાં આવે છે કે અહીંયા બિલ્ડીંગ જર્જરીત થઈ ગયું છે પરંતુ અહીંયા જો તપાસ કરતા જોતા કોઈ બિલ્ડીંગ જર્જરીત હાલતમાં દેખાતું નથી માત્ર કોન્ટ્રાક્ટરોને ફાયદો કરવા માટે આ કામ આપ્યું હોય તેવું લાગે છે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન નો 15,500 કરોડનું બજેટ છે તે ક્યાં વપરાય છે તે બહુ મોટો સવાલ છે. જે મૂળભૂત સુવિધા કહેવાય તેમાં આ બજેટ વપરાતું નથી એ વાત નક્કી છે જેવી રીતે ડોમ બનાવવામાં આવ્યો છે તે ડોમ પરથી એવું લાગી રહ્યું છે કે આગામી સમયમાં આ ડોમ કોઈ ધાર્મિક સંસ્થાને આપી દેવામાં આવશે પ્રવચનને કરવા માટે ત્યાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે જો તમે ટેમ્પરરી ડેમ બનાવો તો આટલો મોટો લોખંડનો ડોમ બનાવવાની જરૂર છે જ નહીં ત્યાં કોર્પોરેશનના પૈસા અહીંયા વેડફાટ થઈ ગયો છે તે સ્પષ્ટ જણાય છે.

લાયબ્રેરી સંચાલન કરતા ટ્રસ્ટી શ્રી મેહુલભાઈ ગાંધી અને શ્રેણીક શાહે દ્વારા વિદ્યાર્થીઓને બાહેધરી આપવામાં આવી છે. વાસણાના સ્થાનિક કોર્પોરેટર પણ ઉપસ્થિત રહી યુવાનો માટે લાયબ્રેરીની સુવિધા ચાલુ રહે તે અંગે ઘટતું કરવાની વાત કરી હતી. પરંતુ વિદ્યાર્થીઓને એક જ માંગ છે કે અહીંયાથી ખસીશું નહીં. અમે અહીંયા જ બેસીશું અને જે રીનોવેશન કામ કરવું હોય એ તમે કરો.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા